**કાર્તિક વાઘાણી એક ખૂબ મોટા સ્ટોરનો મેનેજર છે. ધનવાન છે પણ અચાનક એના જ જેવો માણસ એનાં સ્થાનો પર ઝળકવા લાગે છે! અલબત્ત, ખૂબ ટૂંકા સમય માટે! કોઈ કશું પૂછેકારવે ત્યાં તો જતો રહે છે. કોણ હશે એ? શા માટે એના જેવું રૂપ લઈને ઝળકી જતો હશે?**

# બરાબર તમારા જેવી વ્યક્તિ મળે ત્યારે સમજવું એ હત્યા કરશે!




## સમરૂપ-2

**રહસ્ય ચક્ર**
★ યશવંત મહેતા

વળતે દિવસે અજય ઓફિસે પહોંચ્યો ત્યારે બારણું ખુલ્લું જોઈને અને અંદર કોઈનો બોલાટ સાંભળીને એને નવાઈ લાગી. એણે બારણામાં પેસતાં જોયું કે પોતાનો નવો ભાગીદાર મયૂર અત્યારે રાધિકાની ગેરહાજરીને કારણે ખાલી પડેલી ખુરશી પર બેઠો છે અને એની સામે એક ઊંચો, પાતળિયો, સફેદ વાળવાળો સજ્જન બેઠો છે.

અજયને જોતાં જ મજૂર કૂદીને ઊભો થયો. 'અજયબાબુ!' એ ઉત્સાહથી પોકારી ઊઠ્યો. 'આપણને બિઝનેસ મળ્યો છે! આ છે કાર્તિકભાઈ વાઘાણી. આપણા નવા બિઝનેસ એસોસીએટની સૂચનાથી કાપડની જે દુકાને હું ડિટેક્ટીવ કામગીરી બજાવું છું ને, ત્યાં એ મને મળ્યા. એમની એક અજબાજબ સમસ્યા છે, અને એ કહે છે કે જો તમે લોકો આમાં મદદ કરો તો...'

મયૂરે વાત ત્યાં જ પડતી મૂકી. અજયે નવાગંતુક સાથે હસ્તધૂનન કર્યું. એને જણાયું કે કાર્તિક વાઘાણીના હાથમાં તાકાત છે અને આંખોમાં એક સફળ ધંધાદારીની ચતુરાઈ. એટલું જ નહીં, એણે સામેથી વિવેક કર્યો, 'તમને મળીને ખૂબ આનંદ થયો, મિસ્ટર વર્મા. તમારા આ નવયુવાન પાર્ટનરને અમારી રેડિયન્સ ટેક્સ્ટાઈલની દુકાનમાં હોંશિયારીથી કામ કરતાં જોયો અને મને થયું કે મારી મુસીબત કદાચ તમે... મારી ડિટેક્ટીવ એજન્સી... દૂર કરી શકશો. હું રેડિયન્સ ટેક્સ્ટાઈલ્સનો સેલ્સ મેનેજર છું.' અજયને લાગ્યું કે છોકરો નવોસવો છે, એટલે જરૂર કશાંક વધારે પડતાં બણગાં ફૂંકી આવ્યો હશે. જાતજાતનો બફાટ કરી આવ્યો હશે. એટલે સમતુલા સાધવા માટે એણે કહ્યું, 'અમે નાના માણસો છીએ, ભાઈ નાનાં અમારાં સાધનો છે. તમારા જેવી મોટી કંપનીઓની તો સમસ્યાઓ પણ મોટી હોય.'

કાર્તિક વાઘાણીએ ઝીણી નજરે અજયને માપવા માંડ્યો પછી જરાક સ્મિત કરતાં કહ્યું, 'તમારી એજન્સી નાની અને કદાચ નવી છે એટલે સ્તો મેં તમારા પર પસંદગી ઢોળી છે. અમારી કંપની સાધારણ રીતે મુંબઈ-દિલ્હીની મોટી ડિટેક્ટીવ એજન્સીઓને કામ આપે છે. તમારા આ મિસ્ટર ઠક્કર પણ મોટી ડિટેક્ટીવ એજન્સીના ડેપ્યુટેશન પર જ અમારી દુકાને આવ્યા હતા. ખરું ને? પણ મિસ્ટર વર્મા, હું જે કેસની વાત કરવા માંગું છુંતે કનપનીનો કેસ નથી. મારો પોતાનો, પર્સનલ કેસ છે. એમાં મોટા લોકોને રસ ન પડે એ પણ શકય છે.' 'અચ્છા, એમ વાત છે. એમ ને!' અજયે મસ્તક ધુણાવતાં કહ્યું. 'આપનો કેસ શો છે? શી તકલીફ છે?' 'મારી મુસીબત મેં મયૂરભાઈને તો જણાવી જ દીધી છે. વાત એમ છે કે કોઈક માણસ મારું રૂપ લઈને ઘૂમી રહ્યો છે. તકલીફ ત્રણેક મહિનાથી શરૂ થઈ છે. હું એક કોન્ફરન્સમાં ભાગ લેવા માટે બેંગ્લોર ગયો હતો. ત્યાં પહોંચ્યો અને જે હોટેલમાં મારું બુકીંગ હતું ત્યાં રૂમ લેય ગયો ત્યારે કાઉન્ટર કલાર્ક કહે કે તમે તો ગઈકાલથી આવી ગયા છો. આખી રાત તમે હોટેલમાં રહ્યા છો અને આજે સવારે જ રૂમ ખાલી કરી ગયા છો! એ વેળા તો મને લાગ્યું કે અસ્સલ મારા જેવો જ દેખાતો અને મારા જેવું નામ ધરાવતો કોઈ સજ્જન ગઈ કાલે હોટેલમાં રહેવા આવી ગયો હશે. આવા જોગાનુજોગ બની શકે છે. ઘણી વાર બને છે. પણ... પણ એક મહિના પછી ફરી વાર આવી જ ઘટના બની.'

'ઓહ!' અજયને વાતમાં રસ પડ્યો.

'અમારી કાપડ મિલના વિતરકો અને એજન્ટોની એક પરિષદ શહેરની એક હોટેલમાં ગોઠવી હતી. ત્યાં આ માણસ રીતસર આવ્યો. લોકોએ કાર્તિક વાઘાણી માનીને એમની સાથે હાથ મિલાવ્યા. વાતો કરી. એ લોકોને મળતો રહ્યો પણ પરિષદ શરૂ થવાના વખતથી થોડીક મિનિટો અગાઉ જ એ ગુમ થઈ ગયો! હું જ્યારે હોટેલ પર પહોંચ્યો ત્યારે બધા પૂછવા લાગ્યા કે યાર, એટલી ઘડીમાં કયાં ગુમ થઈ ગયા હતા? મેં કહ્યું કે હું તો હજુ ચાલ્યો જ આવું છું, ત્યારે ઘણાખરાએ વાતને મશ્કરી જ માની. જ્યારે મેં ગંભીરપણે સમજાવ્યું કે હું ખરેખર હમણાં જ આવ્યો છું, ત્યારે દરેક જણને લાગ્યું કે દાળમાં કંઈક કાળું છે.' 'આ ઘટનાની તમે પોલીસને જાણ કરી જ હશે!' 'આમાં હું પોલીસને શું કહું? શી ફરિયાદ નોંધાવું.' મારું રૂપ લેનારે નહોતો કશો ગુનો કર્યો કે નહોતું મને કશું નુકસાન પહોંચાડયું. ખાલી મારું રૂપ-' 'કોઈનું રૂપ લેવું એ પણ ગુનો છે.'

'જો કશા ગુનાઈત હેતુ માટે રૂપ લેવાય તો?' કાર્તિકે મુદ્દાની વાત કરી. 'બાકી, સાધારણ સંજોગોમાં કોઈ કોઈકનું રૂપ લે તે ગુનો ન ગણાય. એવું ન હોય તો કોઈ હયાત નેતા કે અભિનેતા કે સંતનું રૂપ લઈને વેશભૂષા હરીફાઈમાં ઉતરનાર દરેક બાળકની કે નાટક-સિનેમામાં અમુક ભૂમિકા ભજવનાર કલાકારોની પોલીસે ધરપકડ કરવી પડે. હનુમાનજી કે મહાકાળીનું રૂપ લઈને શેરીઓમાં ભિક્ષા માગતા વ્યવસાયી બહુરૂપી સૌને સળિયા પાછળ ધકેલી દેવા પડે!'

'આપણી કાયદાની સમજણ ઘણી સારી છે, કાર્તિકભાઈ,' અજય પ્રશંસા કર્યા વગર ન રહી શકયા. પછી એણે પૂછ્યું, 'તમારું... તમારા જેવું જ રૂપ લેનાર આ માણસનું કોઈ નવું પરાક્રમ છે? તમે જે ઘટના હમણાં જણાવી તે બે માસ અગાઉની છે. ખરું ને!' શું તાજેતરમાં કાંઈ બન્યું છે કે જેથી તમે ડિટેક્ટીવ એજન્સીનો સહકાર લેવા તૈયાર થઈ ગયા છો?' 'હા, કારણ કે મારા આ સમરૂપની મુલાકાતો ક્રમશઃ મારા અંગત જીવનની વધુ ને વધુ નજીક આવતી જાય છે. કારણ કે એ મને વધુ ને વધુ નુકસાન થઈ શકે એવી હરકતો કરે છે. ગયે મહિને હું એક પાર્ટીને મળવા ગયો હતો. ત્યારે આ... આ બહુરૂપી મારી ઓફિસે આવ્યો. રીતસર મારી સેક્રેટરી છોકરીની બાજુમાં થઈને મારી ચેમ્બરમાં ગયો. પાંચ મિનિટ એમાં રહ્યો અને પછી બહાર નીકળી ગયો. જ્યારે હું મીટિંગ પતાવીને આવ્યો ત્યારે સેક્રેટરીએ પૂછ્યું કે સર, તમે પાંચ જ મિનિટ માટે આવીને ચૂપચાપ કેમ ચાલ્યા ગયેલા? છોકરીના આ સવાલે તો જાણે મારે માથે આભ તૂટી પડ્યું! મેં એને સમજાવ્યું કે હુંતો આવ્યો જ નહોતો! તમે કહો છો તેમ, આ વેળા તો પોલીસને જાણ કરવાની મારે ખૂબ મરજી થઈ ગયેલી. પણ ઓફિસમાંથી કશું જ ગુમ થયું નહોતું અને કશું આઘુંપાછું પણ થયું નહોતું. પછી પોલીસને શું કહું?'

'અચ્છા, સેક્રેટરીને તમે શું કહ્યું?'

'મેં એને ભારપૂર્વક જણાવ્યું કે હું તો વચ્ચે પાંચ મિનિટ આવ્યો જ નથી. અને એણે પણ વાતને બહુ પકડી રાખી નહિ. એણે કદાચ એમ માન્યું હશે કે મારી યાદશકિતમાં હવે ગાબડાં પડવા લાગ્યાં છે. અમસ્તાંય, મને સાઠ વર્ષ થયાં,' કાર્તિકે જરા હળવાશથી કહ્યું. 'યાદ શકિતમાં ગાબડાં' એ શબ્દો વાપરવા બદલ એ પોતાની જાત ઉપર પ્રસન્ન થઈ ગયો હોય એવું જણાયું.'

'ઓલ રાઈટ', અજયે સૂચવ્યું. 'કહો, છેલ્લે શું બન્યું?' 'છેલ્લો પ્રસંગ ગઈકાલે જ બન્યો.' કાર્તિકે હસીને કહેવા માંડયું. પરંતુ વાત એટલી ગંભીર હતી કે એ ચહેરાને હસતો રાખી ન શકયો. 'ગઈકાલે એ... મારું બીજું રૂપ કે મારો પડછાયો, જે કહો તે... મારા ઘર સુધી પહોંચ્યો! ગઈકાલે હું ઓફિસે જવા નીકળી ગયો એ પછી મારી વાઈફે એને... મારા રૂપને... ઘરના ગેરેજ પાસે જોયો.' 'તમારા વાઈફે એ... સમરૂપ સાથે કશી વાત કરી?' 'હા, વાઈફે પૂછ્યું કે કેમ પાછા આવવું પડયું? એણે જરાય ન સમજાય એવા બબડાટ જેવા અવાજે થોડાંક કાગળિયાં બાગળિયાંની વાત કરી. પછી વાઈફ એને નજીકથી ધ્યાનથી જુએ તો પહેલાં તો વિદાય લઈ લીધી. આ ઘટનાના આઘાતમાંથી મુકત થતાં જ વાઈફે મળે ઓફિસે ફોન કર્યો અને પૂછ્યું કે તમે જ ગેરેજમાંથી નીકળ્યા હતા કે?

'એટલે તમે વાઈફને આ વેશધારીની વાત કરીને?'

'એ વેળા ફોન પર તો નહિ, પણ રાત્રે ઘેર પાછા ફર્યા પછી મેં એને બધી વાત કરી. એણે તો તરત જ આગ્રહ કર્યો કે વહેલામાં વહેલી તકે પોલીસને જાણ કરો! અને છતાં પોલીસને બતાવાય એવું કશું નક્કર ન હોય ત્યારે પોલીસને ફરિયાદ કરવાનોય અર્થ શો? આખરે, વચગાળાના ઉપાય તરીકે પ્રાઈવેટ ડિટેક્ટીવને તપાસ સોંપવાનું અમે નક્કી કર્યું.'

**આપણા નવા બિઝનેસ એસોસીએટની સૂચનાથી કાપડની જે દુકાને હું ડિટેક્ટીવ કામગીરી બજાવું છું ને, ત્યાં એ મને મળ્યા. એમની એક અજબાજબ સમસ્યા છે, અને એ કહે છે કે જો તમે લોકો આમાં મદદ કરો તો...'**

'બોલો, અજયબાબુ!' અત્યાર સુધી મૌન રહેલા મયૂરે ટહુકો કર્યો. 'છે ને અફલાતૂન કેસ!'

'અદ્ભૂત! કમાલ!' અજયે ભાગીદારની વાતમાં સંમતિ ઉચ્ચારી. 'વળી ભયંકર પણ! જે રીતે આખી યોજના આકાર લઈ રહી છે, એમાં એક યોજના બધ્ધતા છે, એ મુદ્દો તમારા બંનેના ધ્યાનમાં આવી ખરી?'

'યોજના બધ્ધતા?' મયૂરે આશ્ચર્ય પામી ગયો. જો કે કાર્તિક વાઘાણીએ માત્ર હળવું મસ્તકધૂનન કર્યું- એમ સૂચવવા કે એને અજયનો મતલબ સમજાયો હતો.

'યોજનાબધ્ધતા બહુ સ્પષ્ટ છે' અજયે મયૂરને સમજાવ્યું. 'સિનેમાના ડમી જેવો કાર્તિકભાઈનો ડમી પ્રથમ તો પેલી હોટેલના કલાર્ક સામે છતો થયો, જે કલાર્ક કાર્તિકભાઈશ્રી અજાણ્યો હતો. પછી એવા લોકો સમક્ષ ગયો જેમાં કેટલાક એમને સાધારણ ઓળખતા હોય. એ પછી સેક્રેટરી સામે અને આખરે પત્ની પાસે ગયો. હવે ખુદ કાર્તિકભાઈને સન્મુખ થશે?'

'હું કોલેજમાં હતો ત્યારે મેં એક જર્મન વાર્તા વાંચેલી. વાર્તા ડોપલગેન્જરની હતી.' મયૂર બોલ્યો. 'એ જર્મન શબ્દનો અર્થ બેવડુ ભૂત થાય. જ્યારે તમને બરાબર તમારા જેવી જ વ્યકિત દેખાય ત્યારે સમજવું કે એ તમારી હત્યા કરશે?' 'માય... માય ગોડ!' કાર્તિક વાઘાણીએ ગરદન પર હાથ ભીડતાં પૂછ્યું, 'શું મારો ડોપલગેન્જર ધીરે ધીરે મારી નજદીક આવે છે?' 'તમારું હૃદય તો સાબૂત છે ને, કાર્તિકભાઈ? કશું દર્દ? કશી બીમારી?' અજયે પૂછ્યું. 'ના, રે, મને નખમાંય રોગ નથી. દર વરસે તપાસ કરાવતો રહું છું.' 'એટલે ધારો કે કોઈ જોકર તમને ડરાવી મારવા માગતો હોય તો એ ફાવવાનો નથી, બરાબર?'

'બરાબર.'

'તમારાથી જુદો પડી ગયેલો તમારો કોઈ ભાઈ છે?'

'ના. મારે એક બહેન જ છે.'

'તમરા જેવા જ દેખાવના કોઈ આદમીને અગાઉ કદી મળ્યા છો? અથવા એને અંગે જાણો છો?' 'એવું પણ નથી.' 'હં... ઈન્ટરેસ્ટિંગ વેરી ઈન્ટરેસ્ટિંગ...' અજયે બે આંગળીઓ વડે ટેબલ પર ટપાકા મારતા બબડયો. પછી 'મયૂરકુમાર! તમે પહેલેથી બધું સાંભળ્યું ને?'

'બીજી વાર.' 'છતાં એક ડાયરીમાં બધી વિગતો નોંધી લો. કામ લાગશે.' પછી અજયે કાર્તિક વાઘાણી સાથે વ્યવહારની વાત કરી. પોતાની ડિટેક્ટીવ ફીનો દર કહ્યો. દૈનિક ભથ્થાનો દર કહ્યો. અને અર્ધી ફી તથા અઠવાડિયાનું દૈનિક ભથ્થું એડવાન્સ રોકડું માગી લીધું. એ ક્ષણે અગર રાધિકા હાજર હોત તો આશ્ચર્યથી એની આંખો જ ફાટી જાત. કદાપિ કોઈનીય સાથે નાણાં સંબંધી તકાજો તો શું, ઉઘરાણી પણ ન કરનાર અજય આ સેલ્સ મેનેજર ભણી કેમ આટલો આકરો બન્યો? પેલો ડોપલગેન્જર અસીલને પતાવી દે તો નાણાં ડૂબી જાય એવી વહેમભરી બીક શું અજયને લાગી હશે. કાર્તિક વાઘાણી પણ ધનવાન લાગ્યો. રકમ એણે તરત જ ધરી દીધી. પછી અજયે એના સમયપત્રક વિશે અમુક સાથીઓ-સહાયકો વિશે, એમ કેટલીક માહિતી પૂછી, જે મજૂરે ડાયરીમાં નોંધી લીધી. અંતે અજયે સૂચવ્યું,' તમારી રોજેરોજની મુલાકાતોની અને બહાર જવાની વિગતો અમને આપતા રહેજો. તમે બહાર જાવ ત્યારે પાછળ રહીને તમારુંધ્યાન રાખવાની અમે કોશિશ કરીશું.'

'ભલે.'

'એક વિશેષ વાત. અમે તમારાં વાઈફને પણ મળીશું અને થોડીક પૂછપરછ કરીશું.'

'એમાં મને શો વાંધો હોય?'

'ઓકે. આવજો.'

કાર્તિક ગયો પછી મયૂર ગંભીર મુખે ચિંતા વ્યકત કરી, 'અજયબાબુ! અસીલને ગભરાવવા મેં ડોપલેન્જર વાળી વાત હાંકી! તમે ડરી તો નથી ગયા ને?'

'હું સાયન્સનો વિદ્યાર્થી છું, મજૂર! અને યાદ રાખ, કાર્તિક પણ તારા એ પ્રતિભૂતથી ડર્યો નથી. એનું સમરૂપ આજકાલમાં પ્રગટવાનું એ નક્કી!'

*(એ રૂપ કેવી રીતે અને કયાં ભેટે છે, એની કથા સાચે જ અદ્ભૂત છે. અલબત્ત, ડરામણી નથી.)*